**માંગણી નં.૨૭ – મુખ્ય સદર-૩૪૩૫**
**ગુજરાત ઇકોલોજી કમિશનની સને ૨૦૧૮-૧૯ ની નવી બાબત માટે વહિવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: **ઇએનવી/૧૦૨૦૧૭/૧૨૭૬/ઈ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૨૧/૦૪/૨૦૧૮

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગરનો તા.૨૬/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: જીઇસી/નવી બાબત/ટે.૩/૨૧૯૫/૨૦૧૭

**ઠરાવ:**

ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગર માટે સને ૨૦૧૮-૧૯ માં ચેર વાવેતર અને પુન:સ્થાપનની નવી બાબતના રૂ. ૧૦૫.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો પાંચ લાખ પૂરા) ની અંદાજપત્રમાં અંદાજપત્રીય જોગવાઈ થયેલ છે. જેનો ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

૧ .આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
૨ .પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
૩ .આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.
૪ .આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાંણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૫ .આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં .બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
૬ .પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. જે હેતુઓ માટે જેટલી ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે. આ અંગે કોઈપણ જાતની નવી સેવા બને તેવા ખર્ચ કરવાના રહેશે નહિ તેમજ રાજ્ય સરકાર પર ભવિષ્યમાં આર્થિક ભારણ બને તેવો કોઈ ખર્ચ કરવાનો રહેશે નહિ.

૮. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાંવિભાગના તા.૨૨/૬/૯૪ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૬/૯૪ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ-૧ તથા તા.૯/૯/૯૮ના ઠરાવ ક્રમાંકઃખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ-૧ અનુસારની તેમજ વખતોવખતની સુચનાઓની ચુસ્તપણે પાલન કરવાની રહેશે.

૯. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ મંજુરી અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૩/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: SPO/102015/691093/CH ની જોગવાઈઓ અને સમયાંતરે કરવામાં આવેલ/આવનાર સુધારાઓનુ પાલન કરવાનુ રહેશે.

૧૨. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧//૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાઈ પ્રવૃત્તિઓ પૈકી જે પ્રવૃત્તિ હાથ ધરવા સરારશ્રીઈ નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજુરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

૧૫. સદરહુ યોજના હેઠળ મંજુર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડિઝાઈનવાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચની અધિકૃત માહિતી સરકારશ્રીને અચુક રજુ કરવાની રહેશે.

૧૬. મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

૧૭. કામગીરી/હાથ ધરાનાર પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજુરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૧૮. સૂચિત કામો પૈકી જે કામો મનરેગા હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ મનરેઆ યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી વિભાગે રાખવાની રહેશે. નાના અને મોટા કામોમાં સરકારશ્રીની નિયત પ્રકિયા અને પધ્ધતિ અનુસરવાની રહેશે.

૧૯. ચેર વાવેતર અને પુનઃ સ્થાપનની કામગીરીમાં માનવબળના સંબંધમાં આઉટસોર્સિંગની માન્ય પ્રક્રિયા અનુસરવાની શરતે. ક્રેઈન/વાહન ભાડે કરવા બાબત તથા ટ્રાન્સપોર્ટેશન ઈક્વીપમેન્ટ બાબતમાં સક્ષમ કક્ષાએ નિર્ણય લઈ નિયમાનુસાર પ્રક્રિયા અનુસરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨૦. આ યોજના અન્વયે ખાતાના વડા કક્ષાએ નિયમિત સમયાંતરે ઓછામાં ઓછુ ત્રિમાસિક મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવી તેનો પ્રગતિ અહેવાલ વહીવટી વિભાગને રજુ કરવાનો રહેશે.

૨૧. આ મંજુરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણોને આધીન/નિયમાનુસાર અને નિયત પધ્ધતિથી કરવાની રહેશે.

૨૨. જ્યાં ઉચ્ચક દરો દર્શાવ્યા છે ત્યાં તથા આઈટમો/સાધનોની ખરીદી સંબંધમાં માન્ય નિયત પ્રક્રિયા અનુસરી ખરીદી કરવાની રહેશે.

૨૩. ઉચ્ચક દરો નક્કી કરવા તેમજ માનવબળ સંબંધમાં આઉટસોર્સિંગની માન્ય પ્રક્રિયા અનુસરવાની શરતે, ક્રેઈન ભાડે કરવા બાબત તથા ટ્રાન્સપોર્ટેશન ઈક્વીપમેન્ટ બાબતમાં સક્ષમ કક્ષાએ નિર્ણય લઈ નિયમાનુસાર પ્રક્રિયા અનુસરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨૪. આ યોજના અંતર્ગત હાથ ધરાનાર પ્રવૃત્તિઓ અંતર્ગત આપવાની થતી સહાય/ગ્રાન્ટના ધોરણો માન્ય ન કરાયેલ હોય તો વિભાગ કક્ષાએ મંજુરી મેળવી અમલ કરવાનો રહેશે.

૨૫. મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તોતે અંગેની સુધારેલ વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે.

૨૬. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પ્રયાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ૨૦૧૮-૧૯ ના વર્ષમાં કરેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે. અને આ ખર્ચ વિભાગ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે તે મુજબ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૭ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| પેટા સેકટર | : | (ટ) વિજ્ઞાન,પ્રોધોગિકી અને પર્યાવરણ |
| મુખ્ય સદર | : | ૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૩ પર્યાવરણ લક્ષી સંશોધન અને પરિસ્થિતિ વિજ્ઞાન લક્ષી પુનઃ નિર્માણ |
| ગૌણ સદર | : | ૦૦૩ પર્યાવરણ લક્ષી શિક્ષણ/ તાલીમ વિસ્તરણ |
| પેટા સદર | : | ૦૧ ઇપીસી - ૨ ગુજરાત પરિસ્થિતિ વિજ્ઞાન આયોગનો વહીવટ |

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગની તા.૧૨/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(હર્ષદ મોદી)
ઉપ સચિવ
**વન અને પર્યાવરણ વિભાગ**

પ્રતિ,

- નિયામકશ્રી, ગુજરાત ઇકોલોજી કમિશન, બ્લોક નં.૧૮/૧ માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧ ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રેસકોર્સ ગુજરાત રાજ્ય, રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રોકડ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ત્રણ નકલમાં)
- તિજોરી અધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, સેકટરઃ ૧૧, ગાંધીનગર
- નાણા વિભાગ, ક શાખા,સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની બજેટ શાખા
- શાખા સિલેકટ ફાઇલ – ૨૦૧૮-૧૯
- નાયબ સેકશન અધિકરીની અંગત ફાઇલ - ૨૦૧૮-૧૯
- આઇ ટી સેલ